# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કાની કુલ 57 બેઠક માટે ગઈકાલે 62.36 ટકા સરેરાશ મતદાન નોંધાયું.
- ❖ રાજ્યના ચૂંટણી પંચે રાજ્યની 25 લોકસભા અને વિધાનસભાની ખાલી પડેલી 5 બેઠક માટે યોજાયેલી પેટાચૂંટણી માટેની મતગણતરીની પ્રક્રિયાની તૈયારીઓ પૂર્ણ કરી
- ❖ પંચમહાલના ગોધરામાં આવેલી પંચામૃત ડેરીએ પહેલી જૂનથી દૂધના કિલોફેટના ભાવમાં 20 રૂપિયાનો વધારો કર્યો
- ❖ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ આગામી છથી 8 જૂન સુધી ઉત્તરવહીઓનું અવલોકન કરી શકશે.
- ❖ રાજ્યમાં આવતીકાલ સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાં ધૂળના તોફાનની આગાહી
- ❖ પદ્મવિભૂષણ વિશ્વનાથ આનંદ આજે ગાંધીનગરમાં વિશ્વ જૂનિયર ચેસ ચેમ્પિયનશીપ 2024નું ઉદ્ઘાટન કરશે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# LOKSABHA ELECTION VOTING

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કાની કુલ 57 બેઠક માટે ગઈકાલે 62.36 ટકા સરેરાશ મતદાન નોંધાયું. આ તબક્કામાં સૌથી વધુ 73.79 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં તો સૌથી ઓછું 51.92 ટકા મતદાન બિહારમાં થયું હતું. જ્યારે ઉત્તરપ્રદેશમાં 55.59 ટકા, પંજાબમાં 61.32 ટકા, ચંદીગઢમાં 67.90 ટકા, હિમાચલપ્રદેશમાં 70.05 ટકા, ઝારખંડમાં 70.66 ટકા અને ઓડિશામાં 70.67 ટકા સરેરાશ મતદાન નોંધાયું હતું.

આ સાથે જ લોકસભા ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ અને હવે ચોથી જૂને કેન્દ્રિય ચૂંટણી પંચ પરિણામ જાહેર કરશે.

---------------------------------------------------------------------

- SOURCE – ECI – PRAVESH -(નવીન)

# RAJKOT-DIU MATGANATARI

રાજ્યના ચૂંટણી પંચે રાજ્યની 25 લોકસભા અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠક માટે યોજાયેલી પેટા ચૂંટણી માટેની મતગણતરીની પ્રક્રિયાની તૈયારીઓ પૂર્ણ કરી છે. ચોથી જૂને રાજ્યના 25 કેન્દ્રો પર સવારે આઠ વાગ્યાથી મતગણતરી શરૂ થશે.

રાજકોટમાં કણકોટ ખાતે થનારી લોકસભા ચૂંટણીની મતગણતરીની પ્રક્રિયાની તૈયારીઓને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોષીના નેતૃત્વમાં આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તાજેતરમાં જ રાજકોટ દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગના મદદનીશ રિટર્નિંગ ઑફિસર ચાંદિની પરમારની અધ્યક્ષતામાં લોકસભા ચૂંટણીના મતગણતરી કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તેમ જ દમણ-દીવમાં થનારી મતગણતરીને ધ્યાનમાં રાખી જિલ્લા ચૂંટણી અધિકારી ભાનુ પ્રભાની અધ્યક્ષતામાં દીવના પત્રકારો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં પત્રકારોને ચૂંટણી પંચની માર્ગદર્શિકા, નિયમો અને મતગણતરીના દિવસે મતગણતરી કેન્દ્રમાં તેમની ભૂમિકા અંગે માહિતી આપવામાં આવી હતી.

મતગણતરીના દિવસે https://results.eci.gov.in/ પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

---

- PTC – RAJKOT – DIU, PRAVESH.

-(નવીન)

# Panchamrut dairy bhav vadharo

પંચમહાલના ગોધરામાં આવેલી પંચામૃત ડેરીએ ગઈકાલે પહેલી જૂનથી દૂધના કિલોફેટના ભાવમાં 20 રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથે દૂધનો કિલોફેટનો ભાવ ૮20 અને ભેંસના દૂધનો કિલોફેટનો ભાવ ૮40 રૂપિયા થઈ ગયો છે.

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન પંચામૃત ડેરીએ આ ભાવવધારો કરતાં ડેરીના દોઢ લાખથી વધુ સભાસદોને લાભ મળશે. રાજ્યના દૂધ ઉત્પાદકોને પહેલી જૂનથી આ ભાવવધારાનો લાભ મળશે.

---

- Ptc – panchmahal – pravesh -(નવીન)

# answer sheet review GSHEB

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે જણાવ્યું કે, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ આગામી છથી 8 જૂન સુધી ઉત્તરવહીઓનું અવલોકન કરી શકશે.

ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા અરજી કરનાર વિદ્યાર્થીઓએ કૉલ-લેટર બોર્ડની વેબસાઈટ gseb.org અથવા sci.gseb.org પરથી પોતાનો બેઠક ક્રમાંક તથા નોંધાવેલો મોબાઈલ નંબર લખી ઓનલાઈન મેળવી લેવાનો રહેશે. ઉત્તરવહી અવલોકન માટે ઉમેદવારે પ્રવેશપત્ર, ગુણપત્રક/પ્રમાણપત્રની નકલ અને અવલોકન માટે "ફી" ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

---

- ptc gandhinagr, karan -(નવીન)

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આવતીકાલ સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાં ધૂળના તોફાનની આગાહી વ્યક્ત કરી છે. તે દરમિયાન પવનની ગતિ અંદાજે 40 કિલોમીટર પ્રતિકલાકની રહેવાની સંભાવના છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન અમદાવાદમાં તો સૌથી ઓછું 34 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં નોંધાયું હતું. જ્યારે ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં 42, અમરેલી, ભાવનગર અને રાજકોટમાં 41, વલ્લભવિદ્યાનગર અને બનાસકાંઠાના ડીસામાં 40, કંડલા એરપોર્ટ પર 39, કચ્છના ભુજમાં 38, કંડલા બંદર પર 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જ્યારે અન્ય જિલ્લા અને શહેરમાં મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહ્યું હતું.

તો કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે સ્થાનિક તંત્રએ વરસાદની ઋતુને ધ્યાનમાં રાખી ગઈકાલથી તમામ બીચ પર પર્યટકો અને સ્થાનિકોના સ્નાન કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

વલસાડમાં જિલ્લા નાયબ બાગાયત અધિકારીએ જિલ્લાના 70 કિલોમીટર વિસ્તારમાં આવેલા 34 ગામ અને તેની આસપાસના ગામોમાં આંબાવાડી ધરાવતા ખેડૂતોને તકેદારીના ભાગરૂપે કેરીનો પરિપક્વ પાક ઉતારી લેવાની અપીલ કરી છે.

---

- PTC – DIU – VALSAD – IMD AHMEDABAD – PRAVESH. -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# World Junior Chess Championship

ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ક્લબ ખાતે વિશ્વ જુનિયર ચેસ ચેમ્પિયનશીપ 2024નું આજે પદ્મ વિભૂષણ અને પાંચ વખતના વિશ્વ ચેસ ચેમ્પિયન ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથ આનંદ ઉદઘાટન કરશે. ઓલ ઇન્ડિયા ચેસ ફેડરેશન અને ફેડરેશન ઇન્ટરનેશનલ ડેસ ઇચેક્સની આગેવાની હેઠળ ગુજરાત સ્ટેટ ચેસ એસોશિયન દ્વારા આ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં 46 દેશોના પ્રતિનિધીઓ અને 220 કુશળ ખેલાડીઓ ભાગ લેશે. પ્રથમ વખત ગુજરાત આ ચેસ ચેમ્પિયનશીપનું આયોજન કરી રહ્યું છે.

આ ચેમ્પિયનશિપમાં ૩૮ ફેડરેશનના ૨૨૮ સ્પર્ધકો ભાગ લેશે.. જે સ્પર્ધાની લોકપ્રિયતા અને વૈશ્વિક પહોંચ પર પ્રકાશ પાડશે. ઓપન કેટેગરીમાં ૪૦ દેશોના ૧૨૬ સ્પર્ધકો જ્યારે મહિલા કેટેગરીમાં ૨૮ ફેડરેશનમાંથી ૧૦૨ એન્ટ્રીઓ મળી છે. આ ચેમ્પિયશીપમાં ૧૩ ગ્રાન્ડમાસ્ટર્સ, ૨૮ ઇન્ટરનેશનલ માસ્ટર્સ, ૨ ફીમેલ ગ્રાન્ડમાસ્ટર્સ અને ૧૦ ઇન્ટરનેશનલ ફીમેલ માસ્ટર્સ ભાગ લે છે.

---

-રીપીટ

# MEHSANA- POOJA PATEL

મહેસાણાની પૂજા પટેલે ગીર સોમનાથમાં યોજાયેલા ખેલ મહાકુંભની યોગાસન સ્પર્ધામાં 2 સુવર્ણ ચંદ્રક જીતીને જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

પૂજા પટેલે વ્યક્તિગત સ્પર્ધામાં એક અને રિધમિક યોગાસન સ્પર્ધામાં એક એમ કુલ 2 સુવર્ણ ચંદ્રક મેળવ્યા હતા. તેમણે અત્યાર સુધીમાં કુલ 132 ચંદ્રક, 146 ટ્રોફી અને 200થી વધુ પ્રમાણપત્ર મેળવ્યા છે.

. . . . . . . . . . . . .

પીટીસી-મહેસાણા-પ્રવેશ અડિએચા-યશ્વી

# FIRE SAFETY/ SARKARI AAVAS- NOTICE

રાજકોટ ગેમઝોન દુર્ઘટનાને ધ્યાનમાં રાખી સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે..

જામનગર મહાનગરપાલિકાએ ત્રણ દિવસની કામગીરી દરમિયાન અગ્નિશામક દળનું 'ના વાંધા પ્રમાણપત્ર' તેમ જ બાંધકામની મંજૂરી ન ધરાવતી 25 રેસ્ટોરાં, 58 શાળા, 34 ટ્યૂશન ક્લાસીસ, 25 હૉટેલ અને 2 હૉસ્પિટલ સહિત કુલ 119 મિલકત સીલ કરી છે.

જામનગરના અંધઆશ્રમ રેલવે ફાટક નજીક આવેલી આવાસ કોલોનીના જર્જરિત 1 હજાર 404 ફ્લેટને ખાલી કરવા મહાનગરપાલિકાએ ગઈકાલે અંતિમ નોટિસ આપી..

દરમિયાન જામનગરમાં જિલ્લા પોલીસવડાની અધ્યક્ષતામાં શહેરના તમામ ખાનગી ટ્યુશન ક્લાસ સંચાલકોની બેઠક યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓની સુરક્ષા પ્રત્યે સજાગ રહેવા ટ્યુશન ક્લાસ સંચાલકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજકોટના ગેમઝોનમાં દુર્ઘટનાને પગલે સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક 7 દિવસથી બંધ રાખવામાં આવ્યો છે.

સુરત મહાનગરપાલિકાએ ગઈકાલે અગ્નિશામક દળનું "ના વાંધા પ્રમાણપત્ર" અને બાંધકામની મંજૂરી ન ધરાવતી 600થી વધુ મિલકત સીલ કરી.

સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા નગરપાલિકાએ અગ્નિ સુરક્ષાની ચકાસણી દરમિયાન અત્યાર સુધીમાં હોસ્પિટલ, મોલ, સ્કૂલ જેવા વિવિધ 25 એકમોને નોટીસ આપી.

તો અમદાવાદના પૂર્વ ઝોનના મિલકત વિભાગે વસ્ત્રાલમાં આવેલી 3 પ્રિ-સ્કૂલ પાસે અગ્નિશામક દળનું "ના વાંધા પ્રમાણપત્ર" અને બાંધકામની મંજૂરી ન હોવાથી સીલ કરી છે..

. . . . . . . . . . . . .

ડીડી-હિન્દુસ્તાન સમાચાર-પીટીસી-ભરૂચ-જામનગર-અજય સર-યશ્વી

# RAJKOT- BHANUBEN BABRIYA

રાજકોટના ગેમઝોન દુર્ઘટનામાં સંડોવાયેલા કોઇપણ વ્યક્તિને વિશેષ તપાસ ટુકડી છોડશે નહીં, ભાજપના રાજકોટના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ રાજકોટમાં પત્રકારો સાથેની વાતચીતમાં આ મુજબ જણાવ્યું હતું... તેમણે વધુમાં જણાવ્યું હતું કે,

**(બાઇટ- ભાનુબેન બાબરિયા)**

. . . . . . . . . . . . .

ડીડી ન્યુઝ-અજય સર-યશ્વી

# kharif crop advisory

ખેતી નિયામકની કચેરીએ ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા બિનરાસાયણિક પદ્ધતિઓ દ્વારા જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન કરવા, ખેડૂતો માટે કેટલાક મહત્વપૂર્ણ પગલા સૂચવ્યા છે.

ખેતી નિયામકની યાદીમાં જણાવ્યા અનુસાર, દર વર્ષે જમીનમાં પાકની ફેરબદલી કરવી જરૂરી છે. મગફળીના પાકમાં થડના કોહવારાનું પ્રમાણ ઘટાડવા કપાસ, ઘઉં, મકાઇ, જુવાર, ડુંગળી અને લસણ વગેરે પાક સાથે તેની વાવણી કરવાથી જમીનજન્ય રોગોને ઘટાડી શકાય છે. ગરમી પડતી હોય ત્યારે અગાઉના પાકના અવશેષો તથા નીંદામણ દૂર કરી, પાણી આપી, વરાપ થયે છાણિયું ખાતર કે કોઈપણ ખોળ ભેળવી જમીનને ખેડી ભરભરી બનાવવી જોઈએ.

---

- ડીડી કરણ
-(નવીન)

# PATAN RTE PRAVESH

પાટણ જિલ્લામાં શિક્ષણ મેળવવાના અધિકાર R.T.E. હેઠળ કુલ 281 બેઠક પૈકી ત્રણ તબક્કામાં અત્યાર સુધીમાં 268 બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે.

પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં 255 બેઠક, બીજા અને ત્રીજા તબક્કામાં અનુક્રમે 8 અને 6 બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. ત્રીજા તબક્કામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ આવતીકાલે ત્રીજી જૂનથી જેતે શાળામાં જઈ પ્રવેશ નિયત કરાવવો પડશે.

-----------------------------------------------------------------------

- PTC – PATAN – PRAVESH.

-(નવીન)